❖ **નીચે આપેલાં વાક્યોને સાદાં વાક્યોરૂપે છૂટાં પાડી ફરીથી લખો : (ગમે તે બે)** **[2]**

(56) જેમ બુદ્ધિ જીવનનું ચાલાક અને નિયામક બળ છે તેમ શ્રદ્ધા પણ માનવવ્યક્તિત્વને સુગઠિત કરનારું અને આકાર આપનારું બળ છે.

(57) બહારના લોકોને તો ક્યાંથી જાણ હોય કે બંદરકૂદની પગેપગે પણ જઈ શકાય છે.

(58) નવી બસ આવે કે તરત જ અંદર ચડી જવાનું ને પેલી ગોખેલી વાત બે-ચાર વાર નિઃસ્વાર્થપણે બોલીને નીચે ઊતરી જવાનું.

❖ **નીચે આપેલાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યો રૂપે ફરીથી લખો : (ગમે તે બે)** **[2]**

(59) મેં તને કહ્યું નથી. હમણાં હમણાં મને છાતીમાં દુખાવો રહે છે. ચિંતા જેવું નથી.

(60) એમના પિતા તરણાથીયે નમ્ર હતા. એમના પિતા તરુવર જેવા સહિષ્ણુ વૈષ્ણવ હતા.

(61) જા, મારા ઘરમાંથી ચપ્પું કે છરી લઈ આવ. કશું ના જડે તો ધારિયું કે કુહાડી લઈ આવ. આને આજે કાપ્યા વિના મૂકવો નથી.

## વિભાગ : C

❖ **નીચેનો ગદ્યખંડ ધ્યાનથી વાંચો અને આપેલા પ્રશ્નોના ઉત્તર તમારી ભાષામાં લખો :** **[5]**

પ્રાચીન તપોવનો વિવિધ આશ્રમોથી ભરપૂર હતા. કેટલાક આશ્રમોમાં એક ઋષિ બે-ત્રણ શિષ્યોને અધ્યયન કરાવતા. વળી, સાંદીપનિ ઋષિના જેવા બીજા કેટલાક આશ્રમોમાં એક પ્રસિદ્ધ વિદ્યાગુરુની આસપાસ અનેક વિદ્યાર્થીઓ એકઠા થતા. આ બંને પ્રકારોમાં ગૃહનું જ વાતાવરણ પ્રવર્તતું હતું. આ શિક્ષણકાળ દરમિયાન વિદ્યાર્થીઓ ગુરુના ઘરમાં વસતા, કાષ્ઠસંચય કરતા, ગાયો ચરાવતા, ભિક્ષા માગતા, ગુરુની અંગત પરિચર્યા અને ગૃહકાર્ય કરતા અને એમના ચરણે બેસીને વિનય અને પૂજ્યભાવપૂર્વક જ્ઞાન ગ્રહણ કરતા. આ ગુરુઓને એમના શિક્ષણ-કાર્યમાં વડા વિદ્યાર્થીઓ ગુરુને યોગ્ય ભેટ આપતા અને પોતાના ગામ કે શહેરમાં પાછા ફરતા. શિક્ષણના સમાપ્તિકાળે વિદ્યાર્થી દેશમાં પર્યટન કરતો અને ગુરુ પાસે પ્રાપ્ત કરેલી વિદ્યા અનુભવની કસોટીએ ચઢાવતો, માનસિક દૃષ્ટિ વિશાળ કરી ગૃહસ્થ જીવનનો આરંભ કરતો.

પ્રશ્નો :

(62) પ્રાચીન આશ્રમોમાં કેવા પ્રકારનું વાતાવરણ પ્રવર્તતું હતું ?

(63) શિક્ષણકાળ દરમિયાન વિદ્યાર્થીઓ કેવાં કેવાં કાર્યો કરતા ?

(64) વિદ્યાભ્યાસ સમાપ્ત કર્યા પછી વિદ્યાર્થીઓ શું કરતા ?

(65) 'આદરયુક્ત' અને 'લાકડાં એકઠાં કરવાં' બંને શબ્દના સમાનાર્થી શબ્દો ફકરામાંથી શોધો અને લખો.

(66) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

❖ **નીચેનું કાવ્ય વાંચી તેના પ્રશ્નોના ઉત્તર તમારી ભાષામાં લખો :** **[5]**

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની,
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ,
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં,
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી.
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એક્કે તીરથ
જ્યાં શકે મારી છીપી ચરમ મનીષા તું-દરશની
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકા સહજ મઢી ઓટે નિત પઠે
વળ્યાં'તાં વાતોએ, નયન નમણાં ને સખીતણાં
પોઢ્યા'તાં વાત્સલ્યે, મૃદુત નવજાંત કલિ પરે
ઝૂકી, ઢાંકી જેને અરધપરધાં પાલવ થકી—
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃત ઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગત તીર્થોત્તમ મળ્યું.

— **બાલમુકુન્દ દવે**

પ્રશ્નો :

(67) કવિએ પ્રભુદર્શન માટે શા શા પ્રયત્નો કર્યા ?

(68) કવિના પ્રયત્નોનું શું પરિણામ આવ્યું ?

(69) સાંજને ટાણે કવિ અને કવિપત્ની શું કરતાં હતાં ?

(70) કવિપત્ની કઈ ક્રિયામાં વ્યસ્ત હતાં ?

(71) કવિને પ્રભુનાં દર્શન ક્યાં થયાં ? કેવી રીતે ?

❖ નીચેના ગદ્યખંડનું **1/3** ભાગમાં **સંક્ષેપીકરણ કરો અને યોગ્ય શીર્ષક આપો :** **[5]**

(72) "આજે આપણને આપણી પોતાની પ્રગતિ પ્રત્યે અહો-અહો થઈ રહ્યું છે. જોતજોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે અને ઝપાટાબંધ ખેડાતું રહ્યું છે. પંદર મિનિટમાં સૃષ્ટિમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતાં કહ્યું છે : 'તેની ભ્રૂકુટિના વિલાસમાત્રથી બ્રહ્માંડોનો પ્રલય થાય છે.' આ સિદ્ધિ તો આજે માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર, મંગળ, ગુરુ તથા શનિ સાથે સંપર્ક સાધવાની કળા વૈજ્ઞાનિકો શોધી કાઢશે એવી એને ઉમેદ આવી છે. ભોગ સિદ્ધિ અને રોગના ઇલાજો શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સામે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે. પણ રોગ, ઘસારો અને હિંસાને જીવનમાં સ્થાન જ ન મળે; ન પોતાને લાગે, ન બીજાને પહોંચે, એવી જાતના જીવનના નિયમોને શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજી શોધાઈ નથી."

— **કિશોરલાલ મશરૂવાળા**

## વિભાગ : D

(73) તમારા વિસ્તારમાં પીવાના પાણીની તીવ્ર અછત ઊભી થઈ છે; અને માણસો તથા મૂંગાં ઢોર પાણી વિના ટળવળે છે. આ હકીકતની વિગતો દર્શાવતી તથા જરૂરી સહાય માટે વિનંતી કરતી એક અરજી ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રીને ઉદ્દેશીને લખો. **[5]**

❖ **નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે 200 થી 250 શબ્દોમાં આપેલા મુદ્દાઓને આવરીને** નિબંધ લખો : **[10]**

(74) **વાત્સલ્યમૂર્તિ મા**

**મુદ્દા :** પ્રસ્તાવના — માતાનાં અનન્ય ત્યાગ અને વાત્સલ્ય — નિઃસ્વાર્થ પ્રેમ — બાળકના ઘડતરમાં માતાનો ફાળો — જનનીની અજોડતા — મા વિનાના જીવનની કલ્પના જ અસહ્ય — માતાને ભવ્ય અંજલિ — ઉપસંહાર. ***અથવા***

(74) **ટેલિવિઝનના લાભાલાભ**

**મુદ્દા :** વીસમી સદીની અત્યંત લોકપ્રિય વૈજ્ઞાનિક સિદ્ધિ : ટેલિવિઝન — ટેલિવિઝનની પ્રત્યક્ષ-પરોક્ષ અસરો — 'ટીવી'ના લાભાલાભ — ટેલિવિઝન : આશીર્વાદ કે અભિશાપ — ઉપસંહાર. ***અથવા***

(74) **પર્યાવરણ સુરક્ષા : આજનો પ્રાણપ્રશ્ન**

**મુદ્દા :** પ્રસ્તાવના — પર્યાવરણમાં વિકૃતિ માનવસર્જિત છે — પર્યાવરણને વિકૃત કરનારાં પરિબળો — માનવીએ કુદરત સાથે કરેલાં ચેડાં — ઉપસંહાર.

❖ **નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર (અર્થ-વિસ્તાર) આશરે 100 (સો) શબ્દોમાં લખો :** **[5]**

(75) છે યુદ્ધ તો જગવવું પણ પ્રેમ રાખી;
લોહી લીધા વગર લોહી દઈ જ દેવું.

❖ **નીચેના ગદ્યમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ગદ્ય ફરીથી લખો :** **[5]**

(76) રાજાસાહેબે અત્યંત વિનયપૂર્વક એ વડીલને કહ્યું હતું આ તો સ્ત્રી-સ્ત્રી વચ્ચેની તકરાર છે. વડીલ આપણે એમાં માથું ન મારીએ એ જ બસ પણ તમે તમારાં પત્નીને મોકલીને એમને સમજાવી શકતા હો તો અમને વાંધો નથી નહિતર આવું તો ચાલ્યા જ કરે ભેગાં મૂકેલાં વાસણ ખખેડય ખરાં આ તો ભાઈસાહેબ બે જીવતી-જાગતી સ્ત્રીઓ છે ત્યાં ખ્વાજા સાહેબે ટાપશી પૂરતાં કહ્યું જીવતી-જાગતી ને પાછી બોલતી-ચાલતી અને બંને હસી પડ્યા વડીલ પણ ચાલતા થઈ ગયા

પેપર સેટરઃ **નરેશભાઈ દાફડા,** મો.૯૪૨૮૧ ૫૫૦૫૬ પરામર્શકઃ **ગિજુભાઈ ભરાડ**

**બોર્ડના તમામ વિષયોના પ્રેકટીસ પેપર, આઈએમપી પ્રશ્નો અને નિષ્ણાતોના સલાહ-સૂચન માટે** www.aajkaaldaily.com **ની મુલાકાત**